# શૈક્ષણિક સત્રની નવી પેટર્ન વિદ્યાર્થીઓના હિતમાં સત્ર પણ બેલેન્સ થશે

ગાંધીનગર તા ૧૨

*શિક્ષણ વિભાગ દ્વારા સી બી એસ સી ની પેટર્ન મુજબ આગામી શૈક્ષણિક કાર્ય એપ્રિલથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. પ્રથમ વખત સરકાર આ પધ્ધતિથી નવુ શૈક્ષણિક સત્ર શરૂ કરશે. જયારે વાર્ષિક પરિક્ષાના અંતે નવુ શૈક્ષણિક સત્ર શરૂ કરી દેવાશે. જયારે ઉનાળુ વેકેશન ૪ મેંથી ૭ જુન ૨૦૨૦ સુધી આપવામાં આવશે. સરકારે બન્ને પ્રથમ અને દ્વિતિય સત્રના દિવસો એકસરખા રહે તેવી વ્યવસ્થા કરી છે. પરીક્ષાના અંતે પણ વિદ્યાર્થીઓએ ચાર મહીના સુધી અભ્યાસ કરવો પડશે. ત્યારબાદ વેકેશન મળશે. આ નિર્ણય શિક્ષણ જગત માટે કેટલો હિતકારી રહેશે તે અંગે શિક્ષણાધિકારી તેમજ શાળાના આચાર્યએ તેમના વિચારો વ્યકત કર્યા છે. શિક્ષણ નિષ્ણાતોના જણાવ્યા મુજબ નવા શૈક્ષણિક સત્રની પેટર્ન વિદ્યાર્થીઓના હિતમાં અને પરિણામ સુધારણા માટે અસરકારક રહેશે. લાંબા વેકેશનનો કંટાળો પણ દુર થશે. જયારે બન્ને શિક્ષણ સત્રનુ બેલેન્સ પણ જળવાશે.*

**શૈક્ષણિક સત્રની પેટર્નથી બે સત્ર બેલેન્સ થશે : વિદ્યાર્થીઓને ફાયદો થશે**



પરીક્ષા બાદ જુનમાં અભ્યાસ શરૂ થતો હતો જેનાથી સમય ઓછો પડતો હતો. આર ટી ઈ ના નિયમ પ્રમાણે ધો ૧થી ૫ માં ૨૦૦ દિવસ, ધો -૬ થી ૮ માં ૨૨૦ દિવસ જયારે માધ્યમિક શિક્ષણમાં વિનિમય ૧૯૭૪ની કલમ (૧૭) મુજબ ૨૪૦ દિવસનુ બેલેન્સ પણ જળવાઈ રહેશે. શૈક્ષણિક સત્રની આ પેટર્નથી બન્ને સત્રનુ બેલેન્સ જળવાઈ રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પણ ફાયદો થશે. લાંબા વેકેશનના લીધે વિદ્યાર્થીઓ પણ કયારેક કંટાળો અનુભવતા હતા. વેકેશનના એટલા દિવસો કપાતા ન હોવાછતા શિક્ષણ વહેલુ મળવાનુ શરૂ થશે. આવતા વર્ષે એપ્રિલના પ્રથમ સપ્તાહથી જ નવુ શૈક્ષણિક વર્ષ શરૂ થઈ જશે.

**ડો ભરતસિંહ વટેર, જિલ્લા શિક્ષણાધિકારી**

●●●

**શાળાઓ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે વધુ સમય આપશે**



આ પ્રકારની પધ્ધતિ સી બી એસ સી બોર્ડ સંલગ્ન શાળાઓમાં ઘણાં સમયથી છે જ જેમાં વિદ્યાર્થીઓને કોઈ જ પ્રકારનુ નુકશાન થતુ હોય તેવુ જણાંયુ નથી. જેથી ગુજરાત બોર્ડ સંલગ્ન શાળાઓમાં સી બી એસ સી ની જેમ સત્રમાં ફેરફાર કરવાથી ફાયદો થશે. નવા ફેરફારના લીધે શાળા કામગીરીના દિવસો વધશે. જયારે વિદ્યાર્થીઓના અભ્યાસક્રમને વધુ અસરકારક રીતે પુરો કરી ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આ નવો નિયમ સહયોગી થશે સરકારનો આ નિર્ણય આવકારદાયક છે.

**ઉમંગ વસાણી, આચાર્ય**
**સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય**

●●●

**સો ટકા પરિણામ મેળવવા સરકારનો નિર્ણય આવકારદાયક**



નવા શૈક્ષણિક સત્રનો બદલાવ ૧૦૦ ટકા પરિણામ મેળવવાના સંકલ્પ સાથે યોગ્ય છે. પરંતુ એપ્રિલમાં સત્ર શરૂ કરતા પહેલા તમામ ધોરણોના પરિણામો જાહેર કરવા પડે પ્રવેશ પ્રક્રીયા પુર્ણ કરવાનુ આયોજન કરવુ પડે જયારે બોર્ડની પરીક્ષાના અંતે શિક્ષકો પણ પેપર ચેકીંગ કરશે પ્રવેશ પ્રક્રીયામાં જોડાશે, ધો -૧૦ નુ પરિણામ ન આવે ત્યાં સુધી ધો-૧૧ માં પ્રવેશ આપવા સહીતની બાબતો પણ વિચારણા કરવા જેવી છે. જો કે આ નિર્ણય આગામી વર્ષોમાં વિદ્યાર્થીઓ માટે ફળદાયી પુરવાર થશે.

**ડો ચેતના અરૂણ બુચ**
**આચાર્ય સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ**

●●●

**શૈક્ષણિક સત્રની નવી પેટર્ન નિષ્ઠાવાન શિક્ષકો માટે આનંદદાયક રહેશે**



નવા શૈક્ષણિક સત્રની પટર્ન મહેનતુ વિદ્યાર્થીઓ તેમજ કર્મપ્રેમી નિષ્ઠાવાન શિક્ષકો માટે આનંદદાયક પુરવાર થશે. જયારે કામથી ભાગનારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે કંટાળાજનક રહેશે. નવા શૈક્ષણિક સત્રની પેટર્ન શિક્ષણ સુધારા માટે ખુબજ ઉપયોગી છે. વિદ્યાર્થીઓને શાળાકક્ષાએ અપાતુ શિક્ષણ વધુ અસરકારક અને દમદાર બનશે. જયારે વિદ્યાર્થીઓને પણ પરીક્ષાના અંતે શૈક્ષણિક કાર્યમાં જોડાઈને વેકેશનની મજા પણ મળશે.

**રોહીત રાવલ**
**સહજાનંદ સ્કુલ ઓફ અચિવર સરગાસણ**

# સે. ૨૧માં અદ્યતન પાર્કિંગ વ્યવસ્થા કરાશે

## કાર્મેલ સ્કૂલથી લઈ પેટ્રોલ પંપ સુધીના વિસ્તારમાં ૩ હજારથી વધુ વાહનો પાર્ક થઈ શકશે

## ફૂટપાથ સાંકડી થશે : મલ્ટી લેવલ પાર્કિંગની વાત પડતી મુકાઈ : ૧૬ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના હાર્દસમા વિસ્તાર સે. ૨૧ના ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર નજીક પાર્કિંગની સમસ્યાના ઉકેલ માટે અદ્યતન પાર્કિંગ સુવિધા સ્માર્ટસીટી યોજના અંતર્ગત ઉભી કરાશે.

તાજેતરમાં સ્માર્ટસીટી લિ.ની મળેલ બેઠકમાં આ અંગેના ટેન્ડર ખોલી દેવામાં આવ્યા છે અને અંદાજે રૂ. ૧૬ કરોડના ખર્ચે અહિ પાર્કિંગની વ્યવસ્થા અદ્યતન બનાવવામાં આવશે.

સે. ૨૧માં પહેલાં મલ્ટી સ્ટોરેજ પાર્કિંગની વાત હતી પરંતુ તે વાત પડતી મુકવામાં આવી છે અને માઉન્ટ કાર્મેલ સ્કૂલથી લઈ પેટ્રોલ પંપ ચ-૬ કોર્નર સુધી પાર્કિંગની સુવિધાને આધુનિક કરવામાં આવશે.

સે. ૨૧માં ડીસ્ટ્રીક્ટ શોપીંગ અને સર્વિસ રોડ પર ટ્રાફિક વ્યવસ્થાને અડચણ પડે નહિ તે રીતે આખી પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

૩ હજાર જેટલા વાહનો અહિ પાર્કિંગ થઈ શકશે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. આ માટેનું ટેન્ડર સાત ટકા જેટલુ નીચુ ભરાઈને આવ્યુ હતુ અને તે મંજૂર થતાં સ્માર્ટસીટી કંપની દ્વારા ટુંકમાં જ તે અંગેનો વર્ક ઓડર આપી દેવામાં આવશે.

નવી પાર્કિંગ વ્યવસ્થાની સાથે ફૂટપાથ થોડીક નાની કરવામાં આવશે તેમજ રૂટીન વાહન વ્યવહારને કોઈ અંતરાય નડે નહિ એ રીતે આખી ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. જો કે આ નવી પાર્કિંગ વ્યવસ્થાની સાથે ત્યાં બાનાવવામાં આવેલ વર્મી કમ્પોઝ્ડની બેડને અસર થશે કે નહિ તે જાણવા મળી શક્યુ નથી.

# જિલ્લાની ૧૭૯ ગ્રામ પંચાયતો ૨૦૧૯ ૨૦ની પરફોમન્સ ગ્રાન્ટ માટે હક્કદાર

## ગત વર્ષની તુલનામાં ૨૩ ગ્રામ પંચાયતોની ઘટ : એક બે દિવસમાં જ દરખાસ્ત વિકાસ કમિશ્નરને મોકલાશે

ગાંધીનગર, તા. ૧૨

૧૪મા નાણાંપંચની પરફોમન્સ ગ્રાન્ટ મેળવવા માટે ૨૦૧૯-૨૦ના વર્ષમાં જિલ્લાની ૧૭૯ ગામ હક્કદાર બને છે. આ પરફોમન્સ ગ્રાન્ટ માટે આ વર્ષે નવી માર્કિંગ પદ્ધતિ પણ તંત્ર દ્વારા નિયત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૪માં નાણાંપંચની ગ્રાન્ટ સીધી પંચાયતોને ફાળવવામાં આવે છે અને જે પંચાયત દ્વારા ગ્રાન્ટનો ઉપીયોગ તેમજ વેરા વસુલાતમાં વૃદ્ધિ જોવા મળે તેને કેન્દ્ર સરકાર દ્વારા ખાસ પરફોમન્સ ગ્રાન્ટ જે તે ગામને ૧૦ ટકા સુધીની મર્યાદામાં ચુકવવામાં આવે છે.

આ માટે લોકલ ફંડની કચેરી દ્વારા પણ ખાસ ઓડિટ કરી તે અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

જિલ્લામાં આ વખતે ૧૭૯ ગ્રામ પંચાયતો જે હક્કદાર આ ગ્રાન્ટ મેળવવા માટે બની છે તેમાં દહેગામની ૪૦, ગાંધીનગરની ૫૦, કલોલની ૫૨ તથા માણસાની ૩૭ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.

તંત્ર દ્વારા આ પરફોમન્સ ગ્રાન્ટ મેળવવા માટેની દરખાસ્ત તૈયાર કરી દેવામાં આવી રહી છે અને ટુંકમાં જ તે વિકાસ કમિશ્નરની કચેરીને મોકલી આપવામાં આવશે.

● અનુસંધાન પાના - ૭ પર





આપણા દેશમાં કૃષિક્ષેત્ર સૌથી મોટુ છે. આ ક્ષેત્રમાંથી સૌથી મોટી રોજગારી ઉપલબ્ધ થાય છે. જો કે વિડંબણા એ જ છે કે ખેડૂતોને તેમની અથાક મહેનતનુ પરિણામ મળતુ નથી. પરસેવો પાડવા છતાં ખેડૂતોને તેમની જણસનુ મૂલ્ય મળતુ ન હોવાથી ખેડૂતો વધુને વધુ ગરીબ થતા જાય છે. વારંવાર કમોસમી વરસાદ, વાવાઝોડુ, તીડનું આક્રમણ જેવા કુદરતી પરિબળો સામે ખેડૂત લાચાર થઈ જાય છે. સરકાર તેમને રાહતો આપવાની ઘોષણા કરે છે પરંતુ જરૂરીયાત હોય તેવા નાના ખેડૂતને લાભ મળતો નથી. ખેડૂતોને તેમની ઉપજનો પુરેપુરો લાભ મળે તે માટે અને પોતાની માંગણીઓ સાથે વીરપુરનો ખેડૂત પુત્ર ભીખયાત્રાએ નીકળ્યો છે. વીરપુરથી ગાંધીનગરના માર્ગે તે રસ્તે ભીખ માંગી અનોખો સત્યાગ્રહ કરી રહ્યો છે.

# ડોનાલ્ડ ટ્રમ્પની ગુજરાત મુલાકાતને પગલે જિલ્લાતંત્ર ગળાડુબ બન્યુ..!

ગાંધીનગર, તા. ૧૨

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની તા. ૨૪-૨૫ની ગુજરાત મુલાકાતનો લઈ જિલ્લાતંત્ર પણ પ્રોટોકોલ સહિતની કામગીરીમાં ગળાડુબ બની ગયુ છે.

જિલ્લામાંથી ૧૫ હજાર કરતાં વધુ વ્યક્તીઓ ''કેમ છો ટ્રમ્પ'' કાર્યક્રમમાં ભાગ લેનાર છે. આ માટે ૧૭૫ થી વધુ બસોની વ્યવસ્થા જિલ્લામાંથી કરવામાં આવી છે.

બીજી તરફ આ કાર્યક્રમમાં વધુ યુવાનો જોડાય તે માટે જિલ્લાના ૧૭ જેટલા વિભાગોને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત આવી રહેલા ટ્રમ્પ એ બીજા રાષ્ટ્ર પ્રમુખ છે. આ અગાઉ ચીનના રાષ્ટ્રીય પ્રમુખ જીનપીંગ અમદાવાદ આવ્યા હતા જે નોંધનીય છે.

જિલ્લામાંથી વધુને વધુ યુવાનો આ કાર્યક્રમમાં જોડાય તે માટે તંત્રએ ૫૦ જેટલી ટીમો અધિકારીઓની બનાવી છે. આ ઉપરાંત તંત્રના કેટલાક અધિકારીઓને ટ્રાફિક તેમજ ટ્રમ્પ જે રસ્તેથી પસાર થશે ત્યાં ખાસ

● અનુસંધાન પાના - ૭ પર

# હવે, રાજ્યની તમામ શાળાઓમાં એક સાથે પરીક્ષા

## સરકારી ગ્રાન્ટ ઈન એડ અને સ્વનિર્ભર પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં એકમ કસોટી તેમજ પ્રથમ દ્વિતીય સત્રાંત પરીક્ષા એક સાથે યોજવા શિક્ષણ વિભાગનો નિર્ણય : અમલ આગામી શૈક્ષણિક સત્રથી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ તેમજ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની સંલગ્નતા ધરાવતી તમામ શાળાઓ માટે એક સમાન એકમ કસોટી તેમજ પ્રથમ અને દ્વિતીય સત્રાંત કસોટીનું આયોજન એક સાથે કરવામાં આવશે.

રાજ્યના શિક્ષણ વિભાગે આ અંગે આજે એક વિસ્તૃત પરિપત્ર આ માટે જારી કરી સરકારે કરેલા નિર્ણયની જાણ તમામ જિલ્લાઓને કરવામાં આવી છે.

સરકારે કરેલા નિર્ણય મુજબ પ્રવર્તમાન માન્યતા અંગેની શરતો અનુસાર રાજ્યની તમામ સરકારી અનુદાનિત અને બિન અનિદાનિત પ્રાથમિક, માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નિષ્ણાતોના માર્ગદર્શનને આધારે તૈયાર થયેલ શાળા પાઠ્ય પુસ્તકમંડળ દ્વારા પ્રકાશિત પાઠ્ય પુસ્તકોના આધારે અધ્યયન-અધ્યાપન કરાવવાનું રહેશે. કોઈપણ શાળા ખાનગી પ્રકાશનના પાઠ્ય પુસ્તકોનો ઉપયોગ શાળામાં કરી શકશે નહિ. જરૂર જણાય તો સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરી શકાશે. પરંતુ વિદ્યાર્થીઓને તે ખરીદવા માટે કે વાપરવા માટે ફરજ પાડી શકાશે નહિ. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી તે શરતનો તમામ શાળાઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તમામ શાળાના બાળકોને વિના મૂલ્યે પાઠ્યપુસ્તક આપશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ના એપ્રિલથી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ પહેલાં જ બાળકોને આ પાઠ્ય પુસ્તકો સરકારને મળી જાય તે રીતે વ્યવસ્થા કરશે.

શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકોના આધારે જ એકમ કસોટી તેમજ પ્રથમ-દ્વિતીય સત્રાંત કસોટીનું આયોજન કરવામાં આવશે.

તમામ ધોરણોમાં એકમ કસોટી લેવામાં આવશે. ધો. ૧૦ અને ૧૨ની એકમ કસોટી તથા પ્રથમ પરીક્ષા અને પ્રિલીમનરી પરીક્ષાને પણ આ નિર્ણય લાગુ પડશે. પ્રશ્નપત્રો તમામ માધ્યમોના જીસીઈઆરટી અને જીએસએચએસઈબી દ્વારા જ તૈયાર કરાશે.

રાજ્યસ્તરેથી ધો. ૩ થી ૧૦ ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનનાં સમાન પ્રશ્નપત્રો આપવામાં આવશે. જ્યારે ધો. ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ગણિત,

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં ગરમીનો અહેસાસ

## મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધવા લાગતા ઘરમાં અને કચેરીઓમાં પંખા ફરવા માંડ્યા : વાતાવરણમાં આવ્યો નોંધપાત્ર ફેરફાર

ગાંધીનગર, તા. ૧૨

વાતાવરણમાં આવી રહેલો ફેરફાર હવે ગરમીને વધારી રહ્યો છે. પવનની દિશા બદલાતા ગરમી વધવા લાગી છે. બપોરે તો ઉનાળો બેસી ગયો હોય તેવો માહોલ જોવા મળ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી આકરી ઠંડીનો અનુભવ કરી રહેલા નગરજનોને ઘણી રાહત મળી છે.

છેલ્લા એક અઠવાડિયાથી વાતાવરણમાં ધીમે ધીમે ફેરફાર થતો હતો. આ ફેરફાર હવે નોંધપાત્ર બની રહ્યો છે. વાતાવરણમાં આવી રહેલો ફેરફાર હવે નોંધપાત્ર બનતો જાય છે. ઉનાળાની ગરમીની અહેસાસ જાણે અત્યારથી થઈ રહ્યો છે. હજુ બે દિવસ પહેલા જ ૧૨ ડિગ્રીએ રહેલુ લઘુત્તમ તાપમાન વધીને ૧૭.૫ ડિ.સે. પહોંચી જતાં શાલ, સ્વેટર, બ્લેઝર જેવા ગરમ વસ્ત્રો પહેરવાના બંધ કરવા પડ્યા છે. ઠંડો પવન સાવ બંધ થઈ ગયો છે. રાત્રીના સમયે હવે વાતાવરણ જાણે આહલાદક લાગે છે.

દિવસે પણ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. મહત્તમ તાપમાન ૩૧.૭ ડિ.સે. નોંધાતા વસાહતીઓને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. કચેરીઓમાં અને ઘરમાં બપોરના સમયે પંખા ફરવા માંડ્યા છે. બપોરે તો ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ છે. તડકામાં નીકળીએ તો ત્વચા બળવા માંડે તેવો તડકો આકરો બન્યો છે.

વાતાવરણમાં આવેલો આ નોંધપાત્ર ફેરફાર હમણા તો નગરજનોને ગમવા લાગ્યો છે. છેલ્લા ઘણા સમયથી અસહ્ય ઠંડીનો સામનો કરી રહેલા નગરજનોને હવે રાહત મળી રહી છે. ઘરના બારી-બારણાં હવે ખુલ્લા રાખી શકાય તેવુ હુંફાળુ વાતાવરણ સર્જાઈ રહ્યું છે.

## જાહેર નિવિદા

ખેડબ્રહ્મા નગરપાલિકાના વાસણા રોડ વિસ્તાર હનુમાનજી મંદિરથી બ્રહ્મા બંગ્લોઝ સુધીના રોડની સાઈડમાં નડતરરૂપ લીલા લીમડાના વૃક્ષો કુલ ૭ (સાત) કાપવા માટે નાયબ કલેકટરશ્રી ખેડબ્રહ્મના આદેશ નં. આરઈવી / વૃક્ષછેદન મંજુરી / વશી૨૦૧/૨૦૨૦, તા. ૧૨-૦૨-૨૦૨૦થી અપસેટ પ્રાઈઝ રૂપિયા ૯૧૮૦.૦૦ અંકે રૂપિયા નવ હજાર એકસો એસી રૂપિયા નક્કી કરી હરાજી કરવા મંજુરી આપવામાં આવેલ છે. જેની ઉભા ઝાડની હરાજી તા.૧૮-૦૨-૨૦૨૦ને મંગળવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ખેડબ્રહ્મા નગરપાલિકા કચેરી ખાતે રાખવામાં આવેલ છે. જે અનુસંધાને વાસણા રોડ ખાતેના વૃક્ષો જોઈ, તપાસી હરાજીમાં ભાગ લેવા હાજર રહેવા જણાવવામાં આવેલ છે.

સ્થળ : ખેડબ્રહ્મા
તારીખ : ૧૨-૨-૨૦૨૦

| ચીફ ઓફિસર | કારોબારી અધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ |
|---|---|---|---|
| ખેડબ્રહ્મા, નગરપાલિકા | ખેડબ્રહ્મા, નગરપાલિકા | ખેડબ્રહ્મા, નગરપાલિકા | ખેડબ્રહ્મા, નગરપાલિકા |

જા. વ. નં. ૨૬૩૬/૧૨/૨૦૨૦

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

# બિન અનામત વર્ગના મહિલા ઉમેદવારો સહિત અગ્રણીઓની અટકાયત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના પથિકાશ્રમ એસટી ડેપો પાસેના ઘ-૩ સર્કલ નજીક સાંજે બિન અનામત વર્ગના મહિલા ઉમેદવારો સહિત રાજકીય અગ્રણીઓએ દેખાવો યોજ્યાં હતા અને લોકરક્ષક દળની ભરતીમાં સરકાર દ્વારા અનામત અંગેના ઠરાવમાં પરિવર્તન કરવાની બાંહેધરી એલઆરડી મહિલા ઉમેદવારોને આપી હોવાનો વિરોધ કર્યો હતો. આ દેખાવો દરમ્યાન ઉમેદવારો સહિત વિવિધ અગ્રણીઓ જેમાં કરણીસેનાના રાજ શેખાવત, પાટીદાર અનામત અગ્રણી દિનેશ બાંભણિયા, સૌરાષ્ટ્ર, કચ્છ રાજપૂત સમાજના રમઝુભા જાડેજાની અટકાયત કરી હતી. આ સાથે એલઆરડીની બિન અનામત વર્ગના મહિલા ઉમેદવારો જેમણે રોડ પર અને ફૂટપાથ પર બેસી જઈને ચક્કાજામ કર્યુ હતુ તેમની પણ મોટી સંખ્યામાં અટકાયત કરી હતી.

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા) N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com